સલમાનને જેલ કે બેલ મુદ્દે આજે ચૂકાદો

મુંબઈ,તા. ૭

બોલિવુડના સ્ટાર અભિનેતા સલમાન ખાનને જામીન મળશે કે જેલ જવુ પડશે તેને લઈને હાલમાં ભારે સસ્પેન્સની સ્થિતી રહેલી છે. સલમાનને બેલ કે જેલ તે અંગે આવતીકાલે કોર્ટનો ફેસલો થનાર છે. જાણકાર નિષ્ણાંત લોકોનુ કહેવુ છે કે સલમાન માટે આગળ રાહતની ખુબ શક્યતા છે. શુક્રવારના દિવસે મુંબઈ હાઈકોર્ટમાં તેની અરજીને સ્વીકારી લેવામાં આવશે તો તેને રેગ્યુલર જામીન મળી શકે છે. પરંતુ જો આવતકાલ સુધી પણ સલમાનને જજમેન્ટની નકલ મળતી નથી તો સલમાનને મળેલી વચગાળાની રાહતને આગળ વધારી શકાશે નહી. સલમાનના વકીલોએ ગુરૂવાર જેવી જ રણનિતી અપનાવી છે. શુક્રવારના દિવસે મુંબઈ હાઈકોર્ટમાં જામીન ન મળવાની સ્થિતીમાં તેમના વકીલોએ તરત જ સુપ્રિમ કોર્ટમાં અપીલ કરવાની તૈયારી કરી લીધી છે. સલમાનના વકીલો ચુકાદામાં ખામી દર્શાવીને હાઈકોર્ટને આના માટે સહમત કરી શકે છે. જાણીતા વકીલ ઉજ્જલ નિકમે કહ્યું છે કે જામીન મળવાની બાબત અસામાન્ય નથી. પૂર્વ પ્રધાન ગુલાબરાવ દેવકરના મામલે જલગાવ કોર્ટે તેમને જામીન આપી દીધા હતા. સલમાન ખાનના વકીલ ચુકાદામાં ખામી દર્શાવીને હાઈકોર્ટને આ બાબત ઉપર સહમત

કરી શકે છે કે, તેમની અરજીને આખરે કેમ સ્વીકારી લેવી જોઈએ. ઉજ્જવલ નિકમના જણાવ્યા મુજબ વિરોધ પક્ષ દ્વારા જાહેરરીતે વિરોધ કરાશે તો તેમની જામીન અરજીને લઈને વિચારણા કરવામાં આવી શકે છે. નિકમે કેટલાક જુના મામલાઓનો પણ ઉલ્લેખ કર્યો છે. ગુલાબરાવ અંગે માહિતી આપતા તેમણે કહ્યું હતું કે, જજમેન્ટની નકલ ન મળ્યા બાદ હાઈકોર્ટે તેને ફગાવી દીધી હતી. ત્યારબાદ તરત સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. જ્યાંથી રાહત મળી ગઈ હતી. હાઈકોર્ટમાં સરકારી વકીલ સંદીપ શિંદે આવતીકાલે નવી રજૂઆત કરવાના મુડમાં દેખાઈ રહ્યા છે. શિંદેનું પણ માનવું છે કે, ચુકાદાની કોપી ન મળવાની રજૂઆત કરીને સલમાનના વકીલ વચગાળાના જામીન લેવામાં સફળ રહ્યા છે. શુક્રવારે કોપી મળ્યા બાદ આ મામલાની સુનાવણી દરમિયાન જામીન સામે પોતાની રજૂઆત કરશે. સલમાનના વકીલો સામે સૌથી પ્રથમ કામ તેમની અરજી ઉપર સુનાવણી અને ચુકાદા સુધી સલમાનના જામીનને જારી રાખવાનું રહેશે. જોધપુરમાં કાળિયાર શિકાર કેસમાં પણ સલમાનને પાંચ વર્ષની સજા થઈ હતી પરંતુ તેઓ આ મામલામાં પણ જામીન લેવામાં સફળ રહ્યા હતા. સમગ્ર દેશને હચમચાવી મુકનાર વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં ગઈકાલે એક પછી એક જોરદાર ઘટનાક્રમ એટલા ઝડપથી બન્યા કે તમામ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. બોલીવુડ સ્ટાર સલમાન ખાન માટે શુક્રવાર ખાસ રહે છે પરંતુ અભિનેતા સલમાન ખાનની સાથે સાથે દેશના લાખો લોકો માટે આજે બુધવારનો દિવસ પણ ઐતિહાસિક બની ગયો હતો. માત્ર સાત કલાકના ગાળામાં જ સલમાનની લાઈફના સૌથી ખૌફનાક પળો પસાર થઈ ગયા હતા. સલમાન ખાન રડી પડ્યો હતો. પરેશાન થયો હતો અને અંતે રાહતનો દમ લઈને ઘરે પણ પહોંચી ગયો હતો. વર્ષ ૨૦૦૨થી ચાલી રહેલા હિટ એન્ડ રન કેસમાં દેશના લાખો કરોડો ક્રિકેટ ચાહકોના ફેવરિટ સલમાન ખાનને દોષિત જાહેર કરવામાં આવ્યો હતો ત્યારબાદ તેને પાંચ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. સાત કલાકના ગાળાની અંદર જ બે દિવસ માટે વચગાળાના જામીન પણ સલમાનને મળી ગયા હતા. ગઈકાલે ૧૧ વાગે સલમાન ખાન મુંબઈની કોર્ટમાં ઉપસ્થિત થયો હતો. ૧૧.૬ મિનિટે સલમાનને કોર્ટ રુમની બોલાવવામાં આવ્યો હતો. ત્યારબાદ કાર્યવાહી શરૂ થઈ હતી. કોર્ટે કબૂલાત કરી હતી કે, સલમાન ખાન બનાવના દિવસે નશામાં હતો અને ડ્રાઈવિંગ પણ પોતે કરી રહ્યો હતો.તમામ આરોપોમાં તેને મોડેથી દોષિત જાહેર કરાયો હતો.

સેંસેક્સ છ મહિનાની સૌથી નીચી સપાટીએ

મુંબઈ,તા. ૭

શેરબજારમાં આજે મંદીનું મોજુ અકબંધ રહ્યું હતું. આની સાથે જ સેંસેક્સ છ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. મેટને લઈને ચિંતા વચ્ચે વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા વેચવાલી અકબંધ રહી હતી. ક્રૂડ ઓઈલની કિંમતમાં રિબાઉન્ડની સ્થિતિ રહી હતી પરંતુ રૂપિયામાં હાલત કફોડી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ વધુ ૧૧૮ પોઈન્ટ ઘટીને ૨૬૫૯૯ની સપાટીએ રહ્યા હતો. જે ૨૧મી ઓક્ટોબર ૨૦૧૪ બાદની સૌથી નીચી સપાટી છે. ૫૦ શેર નિફ્ટી ૪૦ પોઈન્ટ ઘટીને ૮૦૫૭ની સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન નિફ્ટીએ ૮૦૦૦ની સપાટી તોડી હતી. બ્રોડર માર્કેટમાં અફડાતફડી રહી હતી. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૨-૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઈમાં માર્કેટ બ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૧૮૪૮ શેરમાં મંદી અને ૮૧૯ શેરમાં તેજી રહી હતી. મૂડીરોકાણકારો દ્વારા વેચવાલી અકબંધ રહી હતી. વિદેશી ફંડે ૬૩૦ મિલિયન ડોલરના શેર વેચી દીધા છે. સેક્ટર અને શેરની વાત કરવામાં આવે તો બેંકેક્સ અને કેપિટલ ગુડ્ઝમાં બે-બે ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. હેલ્થકેર, ઓટો, કન્ઝયુમર ડ્યુરેબલ, રિયાલીટી અને પાવર જેવા કાઉન્ટરોમાં ઘટાડો રહ્યો હતો. આ તમામમાં એક એક ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જો કે, આઈટી ઈન્ડેક્સમાં એક ટકાનો ઉછાળો રહ્યો હતો. બેંક નિફ્ટીમાં બે ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી, એક્સિસ બેંક, એસબીઆઈમાં પણ ઘટાડો રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં આજે સતત ત્રીજા દિવસે મંદીનુ મોજુ રહ્યું હતુ. બેન્ચમાર્ક સેન્સેક્સમાં આજે સવારે વધુ ૧૪૬ પોઈન્ટનો ઘટાડો થયો હતો અને કારોબારની ઘટાડા સાથે શરૂઆત થઈ હતી. ફોરેન ફંડ દ્વારા વેચવાલી યથાવતરીતે જારી રહી છે. રીટેલ રોકાણકારો વૈશ્વિક બજારમાં પ્રવર્તી રહેલી મંદીને લઈને પરેશાન છે. અગાઉના બે સેશનમાં ૭૭૩ પોઈન્ટનો ઘટાડો થઈ ગયો છે. ત્યારબાદ આજે વધુ ઘટાડો રહ્યો હતો. ગઈકાલે સેન્સેક્સમાં નરેન્દ્ર મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ એક દિવસનો બીજો સૌથી મોટો ઘટાડો થયો હતો. નિફ્ટીમાં આજે સવારે ૫૨ પોઈન્ટનો ઘટાડો થયો હતો. જેથી તેની સપાટી ૮૦૪૪ રહી હતી. સવારથી જ એમ માનવામાં આવતું હતું કે, બજારમાં કારોબારના અંતે ઘટાડો રહેશે. સેન્સેક્સની સપાટી સવારમાં ૨૬૫૭૧ રહી હતી. અત્રે નોંધનીય છે કે ગઈકાલે ફરી એકવાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ જતાં કારોબારીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં આ કેલેન્ડર વર્ષમાં સૌથી નીચી સપાટી જોવા મળી હતી. વિદેશી ફંડ દ્વારા પણ તીવ્ર વેચવાલી રહી હતી. રેટ્રોસ્પેક્ટ્રીવ કરવેરાને લઈને ચિંતા અકબંધ રહી છે. સબસિડી ઉપર ટેક્સ, મધ્ય પૂર્વના દેશોમાં ભૌગોલિક રાજકીય તંગદિલીના પરિણામ સ્વરુપે શેરબજાર ઉપર મોટી અસર થઈ છે. શેરબજારમાં ગઈકાલે કારોબારના અંતે સેંસેક્સ ૭૨૨ પોઈન્ટ અથવા તો ૨.૬ ટકા સુધી ઘટીને ૨૬૭૧૭ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સે મહત્વપૂર્ણ ૨૭ હજારની મનોવૈજ્ઞાનિક સપાટી ગુમાવી દીધી હતી.ગઈકાલે નિફ્ટી ૨૨૭ પોઈન્ટ ઘટીને ૮૦૯૭ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ૮૧૦૦થી નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

૧૭મી ડિસેમ્બર ૨૦૧૪ બાદથી પ્રથમ વખત આ સપાટી જોવા મળી છે.ગઈકાલે બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૩.૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. અન્ય વૈશ્વિક પરિબળો આના માટે જવાબદાર દેખાઈ રહ્યા છે. આરબીઆઈને પણ હવે જૂનની પોલિસીમાં ચાવીરુપ રેટમાં કાપ મુકતી વેળા સાવધાની રાખવી પડશે.

એક મહિલાનું મોત થતાં ચકચાર

ચાર મહિલા એથ્લિટ દ્વારા આત્મહત્યાનો પ્રયાસ થયો

થિરુવંતનપુરમ,તા. ૭

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા હોસ્ટેલની ચાર યુવતીઓએ આત્મહત્યાનો પ્રયાસ કરતા સનસનાટી મચી ગઈ છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કેરળમાં ટ્રેનર દ્વારા સતામણી કરવામાં આવ્યા બાદ આ પગલા લેવામાં આવ્યા છે.

વિદ્યાર્થીઓ પૈકીના એકનું મોત થયુ છે. ગંભીર હાલતમાં અન્ય ત્રણની સ્થિતિ રહેલી છે. આત્મહત્યાનો પ્રયાસ કરાયા બાદ સમગ્ર સાંઈ હોસ્ટેલમાં સનસનાટી મચી ગઈ છે. આ ચારેય યુવતીઓએ ઝેર ગટગટાવીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ચાર પૈકીની એક આ વર્ષે જ યોજાયેલી નેશનલ ગેમ્સ દરમિયાન કાયક ઈવેન્ટમાં સુવર્ણચંદ્રક જીતી ચુકી છે. સાઈના વોટર સ્પોર્ટ્સ સેન્ટર ખાતે આ યુવતીઓ ટ્રેનિંગ લઈ રહી હતી. બુધવારની રાત્રે આ યુવતીઓ સાઈ મહિલા હોસ્ટેલમાં ઝેર પીધેલી હાલતમાં મળી આવી હતી. તેમને જનરલ હોસ્પિટલમાં ખસેવામાં આવી છે. ત્યારબાદ તબિયતમાં સુધારો ન થતાં મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. એકનું મોત પણ થયુંછે. એથ્લિટોના સગાસંબંધીઓનું કહેવું છે કે, યુવતીઓની શારીરિક અને માનસિકરીતે કેટલાક સિનિયરો દ્વારા છેડતી કરવામાં આવી હતી.

કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી આખરે ટ્વીટર પર

નવી દિલ્હી,તા. ૭

કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી લાંબી રજા ગાળ્યા બાદ પરત ફર્યા પછી વધુને વધુ સક્રિય થઈ રહ્યા છે. તેઓ લોકો સુધી પહોંચવા માટે હવે તમામ માધ્યમનો ઉપયોગ કરવા માટે ઉત્સુક દેખાઈ રહ્યા છે. જેના ભાગરૂપે રાહુલ હવે ટ્વીટર પર આવી ગયા છે. ટ્વીટર પર નહી હોવાના કારણે ટિકા ટિપ્પણીનો સામનો કરી ચુકેલા રાહુલે હવે ટ્વીટર પર આવીને તેના ટિકાકારોને શાંત કરી દીધા છે. ટ્વીટર એકાઉન્ટનુ નામ ઓફિસ ઓફ આરજી રાખવામાં આવ્યું છે. આ સંબંધમાં રાહુલની કચેરી દ્વારા સત્તાવારરીતે આની કોઈ જાહેરાત કરી નથી. પરંતુ એકાઉન્ટ પર પહેલાથી જ ૭૦૦૦ ફોલોઅર્સ થઈ ગયા છે. અત્રે નોંધનીય છે કે ૫૭ દિવસ સુધી લાંબી રજા પર રહ્યા બાદ રાહુલ પરત ફર્યા હતા. પરત ફર્યા બાદ રાહુલ વધારે સક્રિય દેખાઈ રહ્યા છે. તેઓ ખેડુતો અને મધ્યમ વર્ગના મુદ્દા ઉઠાવીને નરેન્દ્ર મોદી સરકારની મુશ્કેલી વધારી રહ્યા છે. ૨૩મી ફેબ્રુઆરીના દિવસે શરૂ થયેલા સંસદના બજેટ સત્ર બાદથી રાહુલ ગેરહાજર રહ્યા હતા.

રાહુલની ગેરહાજરીના કારણે કોંગ્રેસને વ્યાપક ટિકા ટિપ્પણીનો સામનો કરવો પડ્યો હતો. રાહુલ હાલમાં જોરદાર સક્રિય રહીને તમામ મુદ્દે આક્રમક રજૂઆત કરી રહ્યા છે. પરત ફર્યા બાદથી રાહુલ દરેક મુદ્દે મોદી સરકારને મુશ્કેલમાં મુકવાના પ્રયાસ કરી રહ્યા છે.રાહુલ જમીન અધિગ્રહણ બિલ, ખેડુતોની આત્મહત્યા અને રીયલ એસ્ટેટ બિલના મુદ્દા પર સરકાર સામે પ્રહાર કરી ચુક્યા છે. કૃષિ કટોકટીને લઈને સરકાર પર દબાણ વધારી દેવાનાહેતુથી તેઓ હાલમાં પંજાબ અને મહારાષ્ટ્રમાં પણ ખેડુતોને મળવા માટે પહોંચ્યા હતા. તેઓએ ખેડુતો સાથે વાત કરી હતી અને તેમની સમસ્યા સાંભળી હતી. રાહુલ હવે આ મહિનામાં જ તેલંગાણાની મુલાકાત પણ લેનાર છે. જ્યાં ખેડુતોની આત્મહત્યાના મામલા વધારે છે. અન્ય રાજ્યોમાં રાહુલ જવાની તૈયારીમાં છે.

બીએમડબલ્યુ આ વર્ષે ૧૫ નવા જ મોડલ લોન્ચ કરાશે

ચેન્નાઈ,તા. ૭

જર્મન લકઝરી કાર બનાવતી કંપની બીએમડબલ્યુએ આજે જાહેરાત કરી હતી કે, કંપની આ વર્ષે ૧૫ નવા મોડલ લોંચ કરનાર છે. ભારતમાં કાર બનાવવાની સ્થિતિને મજબૂત કરવામાં આવનાર છે. આ વર્ષે ૧૫ નવા મોડલ રજૂ કરવામાં આવનાર છે. ૫૦ ટકા લોકો સુધી પહોંચવાની ગણતરી પણ કરવામાં આવી છે. મહાન ક્રિકેટ ખેલાડી સચિન તેંડુલકરે આજે કહ્યું હતું કે, મહિન્દ્રા વર્લ્ડસિટીમાં કંપનીમાં મેન્યુફેક્ચરિંગ યુનિટમાં જોરદાર પ્રસંગની સ્થિતિ

રહેલી છે. ભારતીય ઓટો સપ્લાયર કંપની પાસેથી કારના પાટ્ર્સ મેળવવાની હિલચાલ પણ ચાલી રહી છે. કંપનીનું કહેવું છે કે, આ સિરીઝમાં ઉપયોગ કરવામાં આવતા ૨૮૦૦ પાટ્ર્સ પૈકી ૫૦ ટકા પાટ્ર્સ સ્થાનિક રીતે તૈયાર કરવામાં આવી રહ્યા છે. ૨૯મી માર્ચ ૨૦૦૭ના દિવસે ચેન્નાઈ પ્લાન્ટમાં બીએમડબલ્યુ દ્વારા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતુ. ત્યારબાદથી આ ગ્રુપે ભારતીય માર્કેટમાં તેની સ્થિતિને વધારે મજબૂત બનાવી દીધી છે. સાથે સાથે સ્થાનિકરીતે તૈયાર કરવામાં આવતી કારના મોડલ અને પાટ્ર્સ વધારવામાં આવી રહ્યા છે. આ કાર મોડલ બીએમડબલ્યુ પ્લાન્ટ ચેન્નાઈ પ્લાન્ટમાં તૈયાર કરવામાં આવી રહ્યા છે. વન સિરીઝ, થ્રી સિરીઝ, થ્રી સિરીઝ ગ્રાન્ટ, પાંચ સિરીઝ, સાત સિરિઝ, એક્સઆઈ, એક્સ૨ અને એક્સ૫ને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ૨૦૦૫માં અમે અમારી પ્રોડક્ટ રેંજને વધારનાર છે. સાથે સાથે લકઝરી કાર સેગ્મેન્ટમાં રહેલી તકોને પણ આવરી લેવામાં આવશે. પ્રોડક્ટ રેંજને વધારવામાં આવનાર છે જેને લઈને આ વર્ષે ૧૫ નવા પ્રોડક્ટ લોંચ કરવામાં આવનાર છે. જાન્યુઆરીમાં ૧૮ લેંચ સાથે વધુ ૧૫ લોંચ થનાર છે. બીએમ ડબલ્યુ ગ્રુપ દ્વારા બીએમડબલ્યુ ઈન્ડિયામાં રોકાણને ૩.૯ અબજ રૂપિયાથી વધારીને ૪.૯ અબજ રૂપિયા એટલે કે ૪૯૦ કરોડ રૂપિયા કરવામાં આવી છે.

અમેઠી ફુડ પાર્કના પ્રશ્ને મોદીની રાહુલ ગાંધી દ્વારા જોરદાર ટિકા

નવીદિલ્હી,તા. ૭

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે ફરી એકવાર અમેઠી ફુડ પાર્કના મુદ્દાને રદ કરવાને લઈને લોકસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવ્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, દ્વેષભાવની રાજનીતિનીમાં અમે પડી રહ્યા નથી તેવી વાત કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ કરી ચુકયા છે. તેઓ આ મામલામાં હવે ધ્યાન આપે તે જરૂરી છે. મામલામાં ધ્યાન આપવાની ખાતરી પણ આપવામાં આવી હતી. પ્રોજેક્ટ આગળ વધે તે જરૂરી છે. ફુડ પાર્કને રદ કરવાનો નિર્ણય થઈ ચુક્યો છે. ગુપ્ત રીતે આ બાબત આગળ વધી છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, અમેઠીને નુકસાન થાય તેવું કામ કરાશે નહીં તેવી ખાતરી પણ આપવામાં આવી ચુકી છે. વડાપ્રધાને પોતે વચન આપ્યું છે કે, દ્વેષભાવની રાજનીતિમાં અમે પડવા માંગતા નથી. ફુડ પાર્ક તેમની પ્રોડક્ટને સીધીરીતે વેચવા ખેડૂતો માટે એક તક સમાન છે. અમારા શબ્દો તરફ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. રાજકારણીઓ તરીકે વિશ્વસનીયતાની અથવા તો પ્રેરિત લેવાની વાત નથી. બીજી બાજુ રાજનાથસિંહે કહ્યું હતું કે, માત્ર સરકાર જ વિકાસની ખાતરી કરી શકે નહીં. બદલાની ભાવનાથી કોઈ

કાર્યવાહી કરવામાં આવી રહી નથી. રાજનાથસિંહે કહ્યું છે કે, જ્યાં સુધી તેમની માહિતીની વાત છે કંપનીએ ફુડ પાર્કની ફાળવણી કરી હતી પરંતુ તે જાતે આમાથી ખસી ગઈ છે. વર્ષ ૨૦૧૦માં ફુડ પાર્કને સૈદ્ધાંતિક મંજુરી મળી ગઈ હતી. રાહુલ ગાંધીના આક્ષેપોનો જવાબ આપતા તેમણે આ મુજબની વાત કરી હતી. ફુડ પાર્કથી ખેડૂતોને મોટી રાહત થશે જેથી આની ફાળવણીને રદ કરવામાં આવી છે. બીજી બાજુ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, તેઓ માને છે કે, બદલાની ભાવનાથી કામગીરી થઈ રહી છે. અમેઠીમાં ફુડ પાર્કને રદ કરવાનો નિર્ણય યોજનાપૂર્વક કરાયો છે. વડાપ્રધાન પોતે ખેડૂતોને વચન આપી રહ્યા છે પરંતુ ફુડ પાર્કને રદ કરીને વચનોથી પીછેહઠ કરી રહ્યા હોવની વાત રાહુલે કરી હતી. બદલાની ભાવનાથી કામ કરશે નહીં તેવી વાત કરનાર મોદી રાજનીતિમાં હવે જુદી રીતે વાત કરી રહ્યા છે. વડાપ્રધાન મોદી અમેઠીમાં આવ્યા હતા ત્યારે બાવન મિનિટનું ભાષણ આપ્યું હતું. રાહુલે કહ્યું હતું કે, ફુડ પાર્કથી ૧૦ જિલ્લાઓને ફાયદો થશે. ૪૦ ફેક્ટરીઓ બનાવવામાં આવનાર છે. લાખો લોકોને લાભ થવો જોઈએ. જો અમે સીધીરીતે અમારી પ્રોજેક્ટ ફેક્ટરીને આપીશું તો મધ્યસ્થીઓને ફાયદો થશે નહીં. રાહુલે એમ પણ કહ્યું હતું કે, એક ખેડૂતે પ્રશ્ન કર્યો હતો કે, શા માટે ચિપ્સ ૧૦ રૂપિયામાં વેચાય છે જ્યારે બટાકા બે રૂપિયા કિલો વેચાય છે.

સલમાન કેસ : સુપ્રીમમાં જામીનને પડકારી અરજી

મુંબઈ,તા. ૭

બોલીવુડ સુપર સ્ટાર સલમાન ખાનની તકલીફ વધે તેવા એક ઘટનાક્રમમાં મુંબઈ હાઈકોર્ટ દ્વારા સલમાનને આપવામાં આવેલા વચગાળાના જામીનને પડકાર ફેંકીને આજે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી દેવામાં આવી હતી. એમએનએસના નેતા અને એડવોકેટ અખિલેશ ચૌબે દ્વારા મુંબઈ હાઈકોર્ટ દ્વારા સલમાનને આપવામાં આવેલા વચગાળાના જામીનને પડકાર ફેંકીને અરજી દાખલ કરી હતી. વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસમાં સલમાનને અપરાધી ઠેરવીને પાંચ વર્ષની સજા કરવામાં આવ્યાના કલાકો બાદ જ મુંબઈ હાઈકોર્ટે વચગાળાના જામીન આપી દીધા હતા. સેશન કોર્ટના જજ ડીડબલ્યુ દેશપાંડે દ્વારા આ સજા ફટકારવામાં આવી હતી. સ્પેશિયલ લીવ પિટિશનમાં આક્ષેપ કરાયો છે કે મુંબઈ હાઈકોર્ટે અતિઝડપથી સલમાનના મામલામાં નિર્ણય કર્યોહતો. તેની જામીન અરજી ઉપર ફરી સુનાવણી હાથ ધરીને તેને રદ કરવાની જરૂર છે. હાઈકોર્ટે સલમાનને જામીન આપી દીધા હતા. શુક્રવારે મુંબઈ હાઈકોર્ટનો કારોબારીનો અંતિમ દિવસ છે ત્યારબાદ સમર વેકેશન થશે અને કોર્ટ ૭મી જૂનના દિવસે ખુલશે.

મોટાભાગની કંપનીઓ સ્ટાફમાં વધારો કરશે

રોજગારી વધશે : ભરતીની પ્રક્રિયા તીવ્ર બનવાના સંકેત

નવી દિલ્હી,તા.૭

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર આવ્યા બાદ સુધારાની ગતિ વધારે તીવ્ર બની છે. સાથે સાથે આર્થિક ગતિવિધી વધી રહી છે. કંપનીઓ કારોબારને લઈને આશાવાદી બનેલી છે. આવી સ્થિતીમાં ભરતીની પ્રક્રિયા મોટા ભાગની કંપનીઓ દ્વારા હાલ કરવામાં આવી રહી છે. કુશળ લોકોને ખેંચવા અને જાળવી રાખવા માટે તીર્વ સ્પર્ધા ચાલી રહી છે. ભરતીની પ્રક્રિયામાં તેજીની આશા જાગી છે. નરેન્દ્ર મોદી સરકાર કેન્દ્રમાં આવ્યા બાદ ઝડપી સુધારાની દિશામાં આગળ વધી રહી છે. સાથે સાથે વૈશ્વિક કંપનીઓ પણ ભારત આવી રહી છે. આવી સ્થિતીમાં રોજગાર વધશે. મોદી સરકાર રોજગારને વધારે મહત્વ આપી રહી છે. જુદા જુદા ક્ષેત્રો આશાવાદી દેખાઈ રહ્યા છે. હાલમાં જ કરવામાં આવેલા એક સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે મોટાપાયે ભરતી કરવામાં આવશે. નવા સર્વેમાં આ મુજબની વાત કરવામાં આવી છે. સર્વેની વાત માનવામાં આવે તો ૩૦ ટકા કંપનીઓ સ્ટાફમાં વધારો કરવાની યોજના બનાવી રહી છે.જ્યારે એક ટકા કંપનીઓએ સ્ટાફમાં ઘટાડો કરવાની વાત કરી છે. સાથે સાથે નોકરીમાં વધારો થવાના એંધાણ દેખાઈ રહ્યા છે. ૪૯ ટકા એમ્પોયર્સે ફેરફારનો અંદાજ મૂક્યો છે આવી સ્થિતિમાં નેટ એમ્પ્લોયમેન્ટ આઉટલુક ૨૯ ટકા બેસે છે. ૫૦૦૬ જેટલી કંપનીઓ અને સંસ્થાઓને આવરી લઈને તાજેતરના સમયમાં કરાયેલા સર્વેમાં ઘણી બધી વાત કરવામાં આવી છે.સર્વેની વાત માનવામાં આવે તો વાર્ષિક આધાર પર આમા છ પર્સનટેજ પોઈન્ટનો વધારો થયો છે. અલબત્ત નોર્થન અને વેસ્ટન રિઝનની કંપનીમાં રોજગારની તકો વધારે છે.

આ બંને ક્ષેત્રોમાં નેટ એમ્પ્લોયમેન્ટ આઉટ લુક ક્રમશ ૩૬ ટકા અને ૩૫ ટકા છે. આગામી વર્ષની પ્રથમ ત્રિમાસિક અવધીમાં તમામ સાત ઈન્ડસ્ટ્રી સેક્ટરોમાં ભરતીમાં વધારો થશે. સૌથી સારી સ્થિતિ માઈનીંગ, કન્સ્ટ્રક્શન, હોલસેલ અને રિટેલ ટ્રેડ સેક્ટરમાં છે. ફાઈનાન્સ, ઈન્સ્યુરન્સ, રિયલ એસ્ટેટ સેક્ટરમાં ભરતીમાં તેજીની શક્યતા છે. સર્વિસ સેક્ટર મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં પણ ભરતીની યોજના છે. જાણકાર લોકોનું કહેવુંછે કે ભરતીની પ્રક્રિયામાં વધારે તેજી આવશે.ખાસ રીતે માઈનીંગ અને કન્સ્ટ્રક્શન ક્ષેત્રમાં રોજગારી શોધી રહેલા લોકોને રાહત થશે.

ચેન્નાઈ સુપર અને મુંબઈ વચ્ચે આજે રોમાંચક જંગ

ચેન્નાઈ,તા. ૬

ચેન્નાઈ સુપર કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન વચ્ચે આવતીકાલે હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગમાં રોમાંચક જંગ ખેલાનાર છે. ચેન્નાઈ સુપર પોઈન્ટ ટેબલમાં સૌથી આગળ છે. રાજસ્થાન રોયલ્સનો દેખાવ પણ છેલ્લી મેચોમાં સુધર્યો છે જેથી આ ટીમ પણ ઝડપથી પ્રબળ દાવેદાર તરીકે ઉભરી રહી છે. છેલ્લી મેચમાં જમૈકાના ધરખમ ખેલાડી ક્રિસ ગેઈલે ૧૧૭ રન ફટકારી તમામ લોકોને ચોંકાવી દીધા હતા. આ મેચમાં બેંગ્લોરની કિંગ્સ ઈલેવન પંજાબ ઉપર જીત થઈ હતી. આવતીકાલે ચેન્નાઈ સુપર કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે ખેલાનાર જંગને લઈને બંને ટીમો સજ્જ છે. ધોની અને રોહિત શર્મા આમને સામને આવનાર છે. રાયડુ, રોહિત શર્મા, પાર્થિવ પટેલ, સુરેશ રૈના, રવિન્દ્ર જાડેજા, મેક્કુલમ ઉપર તમામની નજર રહેશે. સુરેશ રૈનાનો ફ્લોપ શો રહ્યો છે. મેક્કુલમ, બ્રાવો અને સ્મિથ મુખ્યરીતે છવાયેલા રહ્યા છે. આ મેચનું પ્રસારણ રાત્રે આઠ વાગ્યાથી કરવામાં આવનાર છે. બંને ટીમો નીચે મુજબ છે.

ચેન્નાઈ સુપર : મહેન્દ્રસિંહ ધોની (સુકાની), સુરેશ રૈના, અશ્વિન, રવિન્દ્ર જાડેજા, મોહિત શર્મા, પવન નેગી, આશીષ નહેરા, બાબા અપરાજિત, ઈશ્વર પાન્ડે, મિથુન મનહાસ, રોનિત મોરે, રાહુલ શર્મા, અંકુશ બેઈન્સ, ઈરફાન પઠાણ, પ્રત્યુશ સિંહ, એકલવ્ય દ્વિવેદી, બેન્ડન મેક્લુલમ, બ્રાવો, સ્મીથ, પ્લેસીસ, મેટ હેનરી, સેમ્યુઅલ બર્દી, માઈકલ હસ્સી, એબોટ, ટાઈ

મુંબઈ ઈન્ડિયન્સ : રોહિત શર્મા (સુકાની), રાયડુ, પાર્થિવ પટેલ, આદિત્ય તારે, હરભજનસિંહ, વિનય કુમાર, જસપ્રિત, પવન સુજાલ, શ્રેયાસ ગોપાલ, પ્રજ્ઞાન ઓઝા, અભિમન્યુ મિથુન, અક્ષય વખારે, નીતિશ રાણા, સિદ્ધેશ લાડ, હાર્દિક પંડ્યા, સુચિત, ઉન્મુક્ત ચાંદ, માલિંગા, પોલાર્ડ, કોરી એન્ડરસન, હેઝલવુડ, ડિલેન્ગ, લેન્ડલ સિમન્સ, આરોન ફિન્ચ, મેકલાઘન, બ્લીઝાડ

ઓસ્ટ્રેલિયા : બેરોજગારીનો દર એપ્રિલમાં ૬.૨ ટકા થયો

સિડની,તા. ૭

ઓસ્ટ્રેલિયામાં બેરોજગારીનો દર એપ્રિલમાં ૬.૨ ટકા સુધી રહ્યો છ. સત્તાવાર આંકડામાં આજે આ મુજબનો ધડાકો કર્યો હતો. ઓસ્ટ્રેલિયા હાલમાં આર્થિકરીતે ખરાબ સ્થિતીમાંથી પસાર થઈ રહ્યું છે. ઓસ્ટ્રેલિયા પહેલા માઈનિંગ પર મુખ્યરીતે આધારિત હતુ. ઓસ્ટ્રેલિયન બ્યુરો ઓફ ડેટાના આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે ૨૯૦૦ નોકરી ગયા મહિનામા ગઈ છે. ફુલટાઈમ રોલ્સમાં ૨૧૯૦૦ સુધીનો ઘટાડો થયો છે. જ્યારે ૧૯૦૦૦ પાર્ટ ટાઈમ જોબ્સ ઉમેરવામાં આવી છે. અર્થશાસ્ત્રીઓએ આગાહી કરતા કહ્યુ છે કે અર્થતંત્રમાં ૪૦૦૦ જોબ ઉમેરવામાં આવશે. ઓસ્ટ્રેલિયન ડોલરમાં પણ ઘટાડો થયો છે. બેરોજગારીનો દર હજુ ઘટી શકે છે. રીઝર્વ બેંક ઓફ ઓસ્ટ્રેલિયાએ કેશ રેટમાં ૨૫ બેજિક પોઈન્ટ સુધીનો ઘટાડો કર્યો છે. આર્થિક વિકાસની ગતિને વધારી દેવા અને સ્થિતીને સુધારી દેવા માટે કેશ રેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. કેશ રેટ રેકોર્ડ નીચે પહોંચી ગયો છે. ચીનમાં વિકાસની ગતિ ઘટી છે. કોમોડીટી કિંમતોમાં પણ ઘટાડો થયો છે. માત્ર ઓસ્ટ્રેલિયામાં જ નહી બલ્કે દુનિયાના દેશોમાં હાલ મંદી છે.

બંગાળમાં ફટાકડા ફેક્ટરીમાં બ્લાસ્ટ : ૧૧ના મોત

કોલકત્તા,તા. ૭

પશ્ચિમ બંગાળમાં ફટાકડાના એક એકમમાં પ્રચંડ બ્લાસ્ટ થતા

ઓછામાં ઓછા ૧૧ લોકોના મોત થયા છે અને સાત લોકો ગંભીરરીતે દાઝી ગયા છે. પોલીસે આજે સવારે માહિતી આપતા કહ્યું હતું કે ગંભીરરીતે ઘાયલ થયેલા તમામ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પશ્ચિમ મિદનાપુર જિલ્લામાં પિંગલા ખાતે આ બ્લાસ્ટ થયો હતો. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ૧૧ લોકોના મોત થઈ ગયા છે. અન્ય સાતને ઈજા થઈ છે. પોલીસ દ્વારા સમગ્ર મામલામાં તપાસ કરવામાં આવી રહી છે. ઈજાગ્રસ્તોની હાલત ગંભીર હોવાથી મોતનો આંકડો વધી શકે છે. ફટાકડાના એકમમાં બ્લાસ્ટ થયા બાદ માલિક ફરાર થઈ ગયા છે. સ્થાનિક નિવાસી લોકોનુ કહેવુ છે કે મોતનો આંકડો વધારે છે. ફેક્ટરીમાં બોમ્બ બનાવવામાં આવી રહ્યા હતા. લોકોનુ કહેવુ છે કે બ્લાસ્ટ ખુબ પ્રચંડ રહ્યો હતો. નજીકના વિસ્તારોમાં રહેતા લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. કેટલાક નજીકના મકાનોમાં તિરાડ પણ પડી ગઈ હતી. ફેક્ટરીના માલિક રંજન મેથી ગુનેગાર છે અને તેઓ ફેક્ટરીનો ઉપયોગ બોમ્બ બનાવવા માટે કરી રહ્યા હોવાની વિગત લોકોએ આપી છે. મોતનો આંકડો ખુબ વધારે હોઈ શકે છે. બંગાળમાં ગેરકાયદે ફેક્ટરીઓ હાલમાં ચાલી રહી છે.